સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

બંધ આંખે પણ પ્રકાશનો પડછાયો જોઉં છું,
ચિંતનમાં જીવનના તડકા-છાંયડા જોઉં છું,
ઓછાયા જોઉં છું કોઈ ભેંસ પર બેઠેલી વ્યક્તિના -
મુક્તિ પછી મળતી શાંતિની વટછાયા જોઉં છું.

હાઈકુ

પજવે સૌને
રોગ અને ચિંતાઓ
કાયાની માયા

સમજે છે સૌ
હેતુ છે જિંદગીનો
ખાયા છે પીયા

ચિંતન

વિષાદપ્યમૃતં ગ્રાહ્યં બાલાદપિ સુભાષિતમ્ ।
અમિત્રા દપિ સદ્વૃત્તં અમેધ્યાદપિ કાંચનમ્ ॥

ઉપરોક્ત શ્લોક બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

ઝેરી વનસ્પતિઓમાંથી મળતું અમૃત પણ સ્વીકાર્ય છે. બાળક પાસેથી મળતા સારા વિચાર પણ આવકાર્ય છે, જો દુશ્મનમાં પણ કોઈ સદ્‌ગુણો હોય તો એ પણ સ્વીકાર્ય છે, અને ગંદી જગ્યામાં જો 'સોનું' પણ આવે તો તે પણ લઈ લેવામાં કોઈ બાધા નથી.

ઘણા પરિવારો - કુળમાં આજે પણ ઊંચ-નીચ, જાતિ-ધર્મ, રંગભેદના વિષમય વર્તુળો હયાત છે. પરિણામે કેટલીય આશાભરી કન્યાઓની કરુણ હત્યા થઈ જાય છે. સદ્‌ગુણ સંસ્કાર હોય તો કુળ - જાત - ધર્મ જોવાની જરૂર નથી. વનસ્પતિ ઝેરી હોય પણ તેનો સદુપયોગ જો અકસીર હોય બાહ્ય ઉપયોગ માટે કે ઉલ્ટી માટે આવશ્યક થઈ પડે છે. માત્ર તેનું 'ઝેરીપણું' ત્યાજ્ય નથી.

બાળકના પૂર્વજન્મના સંસ્કાર ઉત્તમ હોય તો તેની સ્મૃતિ નાની વયમાં સારું 'જ્ઞાન' ધરાવે છે. તે માત્ર બાળક હોવાને કારણે જ ઉપેક્ષા ન કરવી. દુશ્મનમાં પણ સારો સદ્‌ગુણ હોય તે તેનું અનુસરણ કરવું.

'સોનું' જો કાદવમાં પણ પડ્યું હોય તો ઉપાડી લેવું.

સુવિચાર

- બાળકને ચાલતાં શીખવીએ ત્યારે તેનો પડવાનો અધિકાર છીનવી લઈએ તો ?
  કોઈ પણ બાળક પડ્યા વગર ચાલતાં શીખી શક્યું નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- વાત દરિયાની કરી છલકાય છે, માણસો પણ કેવા કેવા થાય છે - **શ્યામ સાધુ**
- જયારે માણસ પોતાના દોષ દેખે ત્યારે બીજાના દોષ જોવાની નવરાશ નહીં રહે - **આસસૂત્ર**
- દરેક અવસ્થામાં અનાસક્ત, એ જ પૂર્ણ સમાધિ - **ઓશો**
- માણસનું સાચું મૂલ્ય એણે અનુસરેલા ધ્યયો પરથી મપાય છે - **બોધિવૃક્ષ**
- આદર્શ જીવનથી આપણે સુરક્ષિત છીએ અને એનું કારણ એ છે કે એની શરુઆત અને શક્યતા આપણી અંદર જ રહેલી છે - **સંત ઓગસ્ટીન**
- આજનું ઔષધ : ચક્કર આવતા હોય તો સો ગ્રામ ભાંગરાના રસમાં નારિયેળ પાણી મિક્સ કરી પીવાથી રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

અમેરિકાના પ્રમુખ ગ્રાન્ટ દર રવિવારે સવારે પ્રાર્થના કરવા ચર્ચમાં અચૂક જતા. તેમની સાથે તેમના થોડા પ્રધાનો, ગ્રાન્ટના માતા પણ સાથ આપતા. એકવાર પ્રાર્થના શરુ થઈ અને થોડીવારમાં ગ્રાન્ટના ચાર વર્ષના બાળક કોઈની સાથે વાતો કરવા માંડી. ગ્રાન્ટને એ ન ગમ્યું. એમણે ગુસ્સામાં આવી જઈને તેને એક જોરથી તમાચો મારી દીધો. અને બાળક રોવા લાગ્યો. એને રોતો જોઈ સાથે આવેલી ગ્રાન્ટની વયોવૃદ્ધ માતાએ સૌની વચ્ચે ચર્ચમાં જ એક તમાચો ગ્રાંટને રસીદ કરી દીધો.

અમેરિકાના પ્રમુખને જાહેરમાં તમાચો મારેલો જોઈ ત્યાં હાજર સૌ ડઘાઈ જ ગયા. પ્રાર્થના પૂરી થયા બાદ ચર્ચના ફાધરે પૂછ્યું 'મેડમ ! તમે આ ઠીક ન કર્યું, ગ્રાન્ટને જાહેરમાં તમારો મારી દીધો તે યોગ્ય ન ગણાય.'જવાબમાં ગ્રાન્ટની માતાએ કહ્યું, 'આવી નાની-શી બાબત માટે એણે નાસમજ અને નાદાન ફૂલ જેવા બાળકને ઈશ્વરની સામે ગુસ્સે થઈને તમાચો જે માર્યો તે શું યોગ્ય છે? એવી સાદી ભૂલ માટે એ એના બાલકને જો મારી શકે તો હું એની આટલી મોટી ભૂલ માટે મારા પુત્રને ન મારી શકું ??'

આ ઘટના બન્યા પછી પ્રમુખ ગ્રાન્ટ કદીય બાળક પર ગુસ્સે થયા ન હતા.

અંતે ખેડૂતોની માંગણી સ્વિકારાઈ

તંત્રીસ્થાનેથી...

અદલ કવિ કલાપીના ખંડકાવ્ય 'ગ્રામ માતા'ની કથા રાષ્ટ્રીય સ્તરે આલેખાઈ ગઈ છે. ધરતીના છોરુ સમે રાજાએ એની જીદ છોડવી પડી છે. ખેડૂતના શેરડીના મોલ પર નજર બગાડનાર ગુપ્તવેશમાં પધારેલ રાજાની દાનત બગડતાંની સાથે શેરડીનો સાંઠો પણ રસહીન બની જાય છે. ગ્રામ માતાની આ યાદગાર પંક્તિઓ જુઓ :

'રસહીન ધરા થૈ છે, દયાહીન થયો નૃપ,
નહીં તો ના બને આવું -' કહી માતા ફરી રડી !

પંજાબ અને ઉત્તરપ્રદેશ કે હરિયાણાના ખેડૂતોને આદરેલું આંદોલન આટલું લાંબુ ચાલશે એવી સરકારને કે અન્ય પ્રજાજનોને ભાગ્યે જ કલ્પના હશે. ખેડૂતોએ સરકારે પસાર કરી દીધેલા ધનકુબેરો તરફી અને સાદ્યંત ખેડૂત વિરોધી કાયદાઓ સામે ઐતિહાસિક આંદોલન શરૂ કર્યું હતું અને વાટાઘાટો કે સામ દામ દંડ ભેડ જેવા અનેકવિધ ઉપાયો છતાં એ પોતાની માગણીઓથી તસુભાર હટવા તૈયાર નહોતા. રાકેશ ટિકૈત જેવું મજબૂત નેતૃત્વ નેતૃત્વ સાંપડતા પંજાબનું નેતૃત્વ ઉત્તરપ્રદેશના જાટના હાથમાં આવી ગયું હતું. વડાપ્રધાન માટે ઉત્તરપ્રદેસની આગામી ચૂંટણી જીવ સટોસટનો ખેલ છે. ફક્ત અયોધ્યા અને રામના નામે પથરા તરે એવા આભાષી ખ્યાલમાં રહેવા જેવું નહીં લાગતા ગરવા ગુજરાતી નેતાએ 'વાણિયા મૂજ નીચી' વાળી કૂટનીતિ વાપરીને એક અતિ મહત્વનો 'અન્નદાતા' છાપ મુદ્દો વિપક્ષો પાસેથી સિફતથી સેરવી લીધો છે. પંજાબની ચૂંટણી પણ માથે છે જયાં ભારતીય જનતા પાર્ટી માટે કશી શક્યતા નહોતી ત્યાં હવે એને 'પંજાબ લોક કોંગ્રેસ' ના નવા નેજા હેઠળ એક મજબૂત અને અનુભવી શીખ નેતાનું સમર્થન મળશે. પૂર્વ મુખ્યમંત્રી અમરિંદરસિંહે ખેડૂતોની તરફેણમાં રહી કેન્દ્ર સરકાર સામે મોરચો માંડેલો હતો. એમણે કોંગ્રેસ છોડતાં પૂર્વે અમિત શાહ સાથે બે વાર બેઠક યોજીને ભાવિ યોજના ઘડી કાઢી હતી. ખેડૂત આંદોલન સમાપ્ત કરાવી અમરિંદરે પંજાબમાં પોતાની સ્થિતિ મજબૂત બનાવી છે. એ ભાજપ સમર્થિત મુખ્યમંત્રી પદના ઉમેદવાર બની ચૂંટણી મેદાનમાં ઊતરશે તો કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીને ટક્કર આપી શકે એવા સંજોગો સરજાયા છે. ઉત્તરપ્રદેશમાં પગ નીચેથી સરકી રહેલી ધરતીનો અંદાજ વડાપ્રધાનને જ નહીં, એમણે નીમેના રાજયપાલ સત્યપાલ મલિકને પણ આવી ગયો હતો. મલિકે પદ છોડવાની પૂર્વ તૈયારી સાથે ખેડૂતોની તરફેણમાં નિવેદનો ઝીંક્યે રાખ્યાં હતા. કેન્દ્ર સરકારે એમની વિરુદ્ધ લાંબો વખત વેર રાખવામાં મજા નથી એટલું સમજાયા પછી વડાપ્રધાને ચુપચાપ શરણાગતિ અને ક્ષમાયાચનાના મોડમાં એક ઝાટકે ત્રણે કાયદા પાછા ખેંચી લઈ બગડી રહેલી બાજી સુધારી લેવાનો પ્રયાસ કર્યો છે. રાજકીય બાબતોના નિષ્ણાતો એને મોદીની પીછેહટ નહીં પણ 'માસ્ટર સ્ટ્રોક' જ માનશે. સવિશેષ સૌથી મહત્ત્વના રાજય ઉત્તરપ્રદેશમાં ધર્મના રાજકારણનો પાક લણી લેવામાં ખેડૂત વચ્ચે આવતો હતો. એની સાથે નાનાં મોટાં સ્થાનિક પરિબળો અને વિપક્ષોનું સમર્થન હતું. 'અન્નદાતા' કહી ખેડૂત આંદોલનની સતત તરફદારી કરનાર કોંગ્રેસના નેતાઓને પણ ખેડૂત નેતાઓએ પોતાના મંચનો દુરુપયોગ નહોતો કરવા દીધો તેની નોંધ લેવી જ રહી. શરદ પવાર પોતે ખેડૂતોના જ નેતા ગણાય છે પરંતુ આ પંજાબ - હરિયાણા - ઉત્તરપ્રદેશનું આંદોલન મહારાષ્ટ્ર સુધી પણ પ્રસરી શક્યું નહોતું. એક નિશ્ચિત વિસ્તારમાં કેન્દ્રીત થયેલા વાવાઝોડાની જેમ એ દિલ્હી આસપાસ ઘરાયેલું જ રહ્યું હતું પણ એની વિપરીત અસર થતાં પશ્ચિમ ઉત્તરપ્રદેશ અને પંજાબ ઉપરાંત હરિયાણા - રાજસ્થાનમાં એનાથી ભારતીય જનતા પાર્ટીને ભારે નુકશાન પહોંચાડવાની શક્યતા હતી. એક જ નમ્ર નિવેદન સાથે મોદીએ વિપક્ષોની પાસેથી મોટું બ્રહ્માસ્ત્ર છીનવી લીધું છે.

તમે હજુ યુવાન જેવા જ લાગો છો !

આરપાર
રાઘવજી માધડ

પ્રાગઢયનો પ્હો ફાટી ગયો હતો, મોં સૂઝણું થવા આવ્યું હતું. પરમાત્માએ પૃથ્વીને પાઠવેલી કવિતા જેવું પ્રભાત ઉઘડવામાં હતું. મોર્નિંગવોક માટે નીકળેલાઓની ઠીકઠીક અવરજવર હતી.આ વેળા પડખે ચઢી કોઈ ટહુકી ગયું:'તમારી સ્ફૂર્તિ જોતા યુવાન લાગો છો..!લ્ર પગ નહી,હૈયું પણ થડકારો ચૂકી ક્ષણાર્ધ માટે થંભી ગયું હતું.આ અગાઉ પણ વખતોવખત સાંભળવા મળ્યું છે: 'દેખાવેતો યુવાન લાગો છો !લ્રત્યારે પણ સઘળું થંભીને સ્થિર થઇ જતું હતું.ભલે વાસ્તવિકતા જુદી ને વસમી હોય પણ યુવાન છો...એવું સાંભળવું સૌ કોઈને ગમે છે. અને આવું ગમતું રહે ત્યાં સુધી સમજવું આપણે હજુ જીવંત છીએ.નહિતર એક ચિંતકના કહ્યા મુજબ: ઘણાં માણસો ક્યારનાય મરી ચુક્યા હોય છે, માત્ર નનામી વરસો પછી નીકળતી હોય છે !

એક વૃદ્ધા વાંકા વળી લાકડીના ટેકે ચાલી રહ્યાં હતાં. તે વખતે કોઈ યુવાનને શું સૂઝ્યું હશે તે પૂછી બેઠો હતોઃ 'માજી ! વાંકા વળી ને શું શોધો છો ? માજીએ જવાબ આપ્યો હતો : 'બેટા ! મારી ખોવાઈ ગયેલી યુવાનીને શોધું છું !' પછી શું થયું તેની ખબર નથી.પણ મને યુવાનનો આવો ખિતાબ કોઈ આપી ગયું...તે જોવા, ઓળખવા સાવધ થયો ત્યાં સુધીમાં ઘણું વહી ગયું હતું.વળી એવું થયું,આ નર્યા ભણકારા હતા !

જે હોય તે પણ મોંઘેરી જિંદગીમાં આવી ક્ષણો, ભણકારા...ઉમેરાતા રહે એ પણ સૃષ્ટિના સર્જનકર્તા ની દેણગી જ ગણી શકાય. અને આવું ઘણાંને જાણવા, માણવા, સાંભળવા ને અનુભવવા મળતું હશે !

શિયાળાની શરૂઆત થઇ ગઈ છે. ગુલાબી ઠંડી નવોઢા જેમ પદરવ કરવા લાગી છે. હેમંત ઋતુની આ નવજાત ઠંડી વહેલી સવારે અને મોડી રાતે અનુભવ કરાવવા લાગી છે.વિક્રમના નવા વરસમાં કારતક અને માગશર આ બંને મહિનામાં હેમંત પૂરબહારમાં ખીલતી હોય છે. હેમંત ઋતુના કારણે આપણે કાતિલ ઠંડીના મલકમાં તબક્કાવાર પ્રવેશી કરીએ છીએ, જે ઠંડી આવવાને હજુ વાર છે. હેમંત અને શિશિર બંને ઋતુઓ મળીને શિયાળો બને છે ખરેખર તો આ હેમંત ઋતુ જ શિયાળાને ભોગવવાની અને આનંદ લેવાની મસ્ત મોસમ છે.

આપણે કંઈપણ ન કરીએતો પણ ઉંમર આગળ વધે છે. જિંદગીમાં બાળપણ,યુવાની, વૃદ્ધાવસ્થા... આ બધા પડાવ ક્રમશઃ આવતા રહે છે.તેમાં યુવાનીને જિંદગીની વસંત કહી છે.એક લોકગીતમાં કહ્યું છે તેમ : 'જોબનિયું આજ આવ્યું ને કાલ જાશે, ઈ રે જોબનિયાને આંખના ઉલાળામાં રાખો...' પણ જે આવ્યું છે તે એક નહીંને એક દિવસ જવાનું છે. તે કોઈથી રોક્યું નહીં રોકાય. છતાંપણ આવું, યુવાન હોવાનું સાંભળવા મળે ત્યારે રોમાંચિત થઈ જવાય છે અને અંગના અઢારેય કોઠે દીવડા પ્રગટે છે, જળાહળા થઈ જવાય છે !

આપણે પ્રકૃત્તિ બાબતે સદનસીબ છીએ.શિયાળો,ઉનાળો અને ચોમાસું ત્રણેય ઋતુનો લાભ મળે છે. શિયાળાની સવાર, ઉનાળાની બપોર અને ચોમાસાની સાંજ પોતીકું સૌંદર્ય લઈને આવે છે.તેનો એક આગવો મિજાજ હોય છે. મારા એ પ્રાથમિક શાળાના શિક્ષકે પ્રકૃત્તિના પ્રાંગણમાં ઊભાં રહી અમને કુદરતની કળાઓ અને સૌંદર્યનાં રસ ને પયપાન કરાવ્યાં હતાં.ખુલ્લા આકાશ નીચે અંધારું ઓઢી આકાશની અકળ કળાના નૈસર્ગિક દર્શન કરાવ્યા હતા. મારી શબ્દસાધના કે સર્જનકર્મ પ્રકૃત્તિના પ્રાંગણમાંથી પ્રગટ્યા છે !

આપણે સવારે ઊઠીએ ત્યારે સૃષ્ટિનો સર્જનકર્તા આપણી જિંદગીરૂપી મોબાઈલમાં ચોવીશ કલાકનું કુપન રીચાર્જ કરી દે છે.એ ક્યાં સુધી કરી દેશે,કરતો રહેશે તેની કોઈ ગેરંટી, વોરંટી નથી. આપણું આયોજન તો હજારો વરસ જીવવાના હોઈએ એવું હોય છે... પણ આ પળ આપણી છે એટલું જ સાચું છે. અવસ્થા તો કંઈ કહ્યા વગર આગળ વધતી રહેવાની છે. તનની તકલીફોને તરછોડી,મનની યુવાનીમાં મહાલવાનું છે.

શિયાળાની આ નવજાત સવારમાં હું સ્ફૂર્તિથી આગળ વધુ છું, ઉતાવળ રાખું છું કારણ કે મન એવું ઝંખે છે, ફરી એ, યુવાન લાગો છો... એવો ભાવભર્યો ટહુકો આપ સૌને સાંભળવા મળે તો ભયોભયો !

છેલ્લે :

કપડા અને ચહેરો ખોટું બોલી શકે પણ સમય તો હકીકત બતાવી દે છે !

http://raghavjimadhad.blogspot.com
mo. 94270 50995

ખ્વાહિશો ઔર ઉસૂલો કા આમના સામના : કામના - ટી.વી. સિરીયલ

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

ટી.વી અને ફિલ્મો પણ સાહિત્યની જેમ સમાજ ઘડતરનું એક સશક્ત માધ્યમ હોવા છતાંય આજે ઘણા લોકો ટી.વી કે ફિલ્મોના માધ્યમથી દૂર રહેતા હોય છે. કારણ કે તેઓ માનતા હોય છે કે આ માધ્યમોમાંથી શીખવા સમજવા જેવું કશુંય હોતું નથી. જો કે તેઓની એ વાત કેટલેક અંશે સત્ય પણ છે કે આ બન્ને માધ્યમો સમાજને ગેરમાર્ગે પણ દોરે છે. પણ હવે તો આ બધા માધ્યમોની ઉપર સૌથી સશક્ત સોશિયલ મીડિયા આવી ગયું છે તેથી સમાજના ઘડતરની કે ગેરમાર્ગે દોરાવાની વાત હવે જૂનવાણી લાગે છે. હવે આ ટેક્નોલોજીનો, વૈશ્વિક પરિવર્તનોનો યુગ છે. હવે સામાજિક બંધનોની,સીમાઓની મર્યાદાઓ તૂટી રહી છે. અથવા કહો કે વિસ્તરી રહી છે. સંસ્કૃત્તિ, સંસ્કાર, ચારિત્ર્ય, આદર્શ, નૈતિકતા, સત્ય, સિદ્ધાંત કે નીતિ જેવા મૂલ્યો આજે વિસરાતા જાય છે ત્યારે આવા કપરા સમયે સોની ટી.વી. સિદ્ધાંત અને સપનાઓ (ઈચ્છાઓ) વચ્ચેનો સંઘર્ષ લઈને એક ખૂબ જ સુંદર સિરીયલ ''કામના'' લઈને આવે છે. તા. ૧૫, નવેમ્બરથી દર સોમથી શુક્ર રાતે સાડા આઠે શરું થતી આ સિરીયલની જાહેરાત પણ સમજવા જેવી હતી.

કથા ભોપાલમાં રહેતા પતિ પત્ની અને એક બાળકના પરિવારની છે. પતિ માનવ બાજપાઈ (અભિષેક રાવત) ટાઉન પ્લાનિંગ વિભાગમાં એક આદર્શવાદી, નિષ્ઠાવાન અને સિદ્ધાંતવાદી સરકારી અધિકારી છે. જે પોતે ભ્રષ્ટાચાર કરતો પણ નથી ને કોઈને કરવા પણ દેતો નથી. આ માનવની પત્ની શહેરની સૌથી સુંદર સ્ત્રી આકાંક્ષા (ચાંદની શર્મા) છે. જે ખુબ જ વૈભવમાં માને છે. તેના શોખ અમીર સ્ત્રીના હોય એવા છે. તેને જૂની કાર નથી ગમતી, મોંઘા મોબાઈલનો, કપડાંનો શોખ છે. શોપિંગ ગમે છે. પોતાના નાના બાળકને મોંઘી સ્કૂલમાં ભણાવવા ઈચ્છે છે. ફાઈવસ્ટાર હોટેલોમાં જમવાનું ગમે છે. પરંતુ પતિના સિદ્ધાંતો અને માત્ર પગારની આવકમાં આ બધા શોખ પુરા થઈ શકતા નથી. દીકરા યથાર્થની સ્કૂલમાં એક દિવસ આકાક્ષાને એક રિયલ એસ્ટેટનો ઉદ્યોગપતિ વૈભવ કપૂર જોઈ જાય છે અને તેના પર મોહી પડે છે. બજારમાં, મૉલમાં અને રસ્તામાં બે ત્રણ વાર દૂરથી જોવા મળે છે પણ મળી શકતો નથી. છતાંય તે મળવા માટે ઉત્સૂક છે.

આ બાજું દીકરા યથાર્થનો એક સ્કૂલ ફ્રેન્ડ છે તેના મમ્મી પપ્પા અમીતા અને વિનય ડિવૉર્સ લે છે. જેથી ફ્રેન્ડ હવે સ્કૂલ મૂકીને ભોપાલથી ઈન્દોર જાય છે. અને આ બાજુ માનવ બાજપાઈ તેની ઓફિસમાં સિદ્ધાંતોને કારણે એક બિલ્ડરનું પેમેન્ટ રોકી રાખે છે જેને કારણે માનવ વિરુદ્ધ અરજી થાય છે. અરજીને કારણે તેની નિષ્ઠાને ધ્યાનમાં રાખીને તેના ઉપરી અધિકારી માનવને સસ્પેંસ તો નથી કરતા પણ માનવને પ્રમોશન આપીને તેની બદલી ઈન્દોર ઓફિસમાં કરી દેવામાં આવે છે.

તા. ૧૫. નવેમ્બરથી શરુ થયેલી સિરીયલની કથા આટલે પહોંચી છે. પતિ પત્નીના પાત્રોમાં અભિષેક રાવત (માનવ બાજપાઈ) અને ચાંદની શર્મા (આકાંક્ષા) એકદમ વાસ્તવિક પતિ પત્ની લાગે છે. માનવ એક ખરેખર આદર્શવાદી પતિ ને ઓફિસર તરીકે પોતાને પ્રસ્થાપિત કરે છે જ્યારે ખર્ચાળ, મુગ્ધ, વૈભવી લાઈફ ઈચ્છતી અને સિરીયલની સૌથી સુંદર, આકર્ષક આકાંક્ષા પત્ની તરીકે બધાને આકર્ષે છે. આ સિરીયલમાં આમ જોઈએ તો દરેક ઘરની આ વાત છે. પત્ની તરીકે આકાંક્ષાના મૂખે મુકાયેલા કેટલાક સંવાદો જોઈએ તો... '' જ્વેલરી સિર્ફ અચ્છી નહીં, મહેંગી ભી લગની ચાહિએ, સ્ટેટસ નામકી ભી કોઈ ચીજ હોતી હે / પૈસા કહાં સે આ રહા હૈ, કૈસે આ રહા હૈ યે ઈમ્પોર્ટન નહી હૈ, પૈસે આ રહે હૈ બસ યહી સહી હૈ । આવા અનેક ધારદાર સંવાદો દ્વારા આકાંક્ષાનું પાત્ર આજની અત્યાધૂનિક પત્નીનું પાત્ર હૂબહૂ રજુ થાય છે. આજના યુગના દામ્પત્યમાં ઓછુ કમાતા પતિ પત્નીઓ કેવી રીતે જિંદગી જીવે છે. એની રજુઆત, તો વળી અહીંયા સતત આદર્શ અને સિદ્ધાંતોને કારણે માનવે પત્ની સાથે કેવો સંઘર્ષ કરવો પડે છે. જો કે અહીં બન્નેના સંબંધો પ્રેમાળ અને નિર્દોષ છે. બન્ને વચ્ચે અતૂટ પ્રેમ છે. માનવ આકાંક્ષાના સૌન્દર્યના વખાણ પણ કરે છે. મસ્તી અને મજાક પણ કરી લે છે પરંતુ આકાંક્ષા ઈચ્છે છે કે પોતાનો પતિ સિદ્ધાંતો મૂકીને વધારાની ઇકમ કમાય, લાંચ લઈને ખૂબ રૂપિયા ઘરમાં લાવે અને પોતાની અને બાળકની બધી જ ઈચ્છાઓ પુરી કરે. જેથી પરિસ્થિતિઓ સાથે પોતાને સમાધાન કરવું ના પડે.

આજની જિંદગી જીવવા માટે દરેકને હંમેશાં બે રસ્તાઓ મળતા હોય છે. સચ્ચાઈથી કમાઈ કરવી કે ભ્રષ્ટાચારથી અમીર બનવું... અહીયા પત્નીની અનેક હાઈફાઈ ઈચ્છાઓ અને પતિની આદર્શવાદી નીતિઓ વચ્ચેનો સંઘર્ષ દર્શાવાયો છે. વચ્ચે એક ખૂબ જ સુંદર બાળક છે યથાર્થ. જેના માનસમાં તેના બાળ મિત્રના મમ્મી પાપાએ લીધેલા ડિવૉર્સની અસર હજીએ છે. તેથી તો તે મુગ્ધાવસ્થામાં મમ્મીને પૂછે છે કે '' મામા, ડિવૉર્સ કી ફાઈલ ક્યા હોતી હૈ ? '' આજે ઘર ઘરમાં આ પ્રશ્ન છે. બાળકની હાજરીમાં થતા પતિ પત્ની વચ્ચેના ઝગડાઓની બાળકો પર થતી માનસિક અસર કેટલી ભયાનક હોય છે. તેનું આબેહૂબ ચિત્રણ અહી જોવા મળે છે. એક પરિવાર કંઈ રીતે તૂટે છે, ક્યાં ક્યાં કારણોથી તૂટે છે ? એક પરિવાર સારી રીતે ચલાવવા શું શું કરવું પડે ? પતિ પત્ની બન્નેની કેવી ભૂમિકા હોવી જોઈએ ? આ બધી વાતો અહીં ખૂબ જ સૂક્ષ્મતાથી દર્શાવાય છે. પતિની ઓછી આવકમાં ઘર કંઈ રીતે ચલાવવું ? પોતાની વ્યક્તિગત ઈચ્છાઓને કંઈ રીતે સમાધાનમાં વાળવી એ બધી પરિસ્થિતિનું ચિત્રણ અહીયા થઈ રહ્યું છે. અહીં પત્ની આકાક્ષા પોતાના પતિ માનવને એક સરસ વાત કહે છે ''પતિ તુમ કૈસે ભી હો, લેકિન બાપ એકદમ પરફેક્ટ હો, મેરે સ્માર્ટ ફોન કી તરહ'' કથાની હજી શરુઆત જ છે. વૈભવકપૂરનું પાત્ર કદાચ વિલન તરીકે ઉભરશે. તે આકાંક્ષાને પામવા માટે જાત જાતની મથામણ કરી રહ્યો છે. . અને વૈભવી જીવન જીવવાની લાલસા માટે આકાંક્ષા એને મળશે પણ ખરી. પરંતુ શું તે પોતાની ઈચ્છાઓ પૂર્ણ કરવા માટે પતિ કે બાળકને છોડશે ખરી ? ઈચ્છાઓની જીત થશે કે માનવની ઈમાનદારીની જીત એ તો આવનારો સમય જ બતાવશે. પણ આ જીત વચ્ચે અત્યારે તો સંઘર્ષ શરું થઈ ગયો છે. એક તરફ મોટી મોટી ઈચ્છાઓ છે, સપનાઓ છે. તો બીજી તરફ પુરેપુરી ઈમાનદારી છે, નીતિ છે, સિદ્ધાંતો છે. તો ત્રીજી તરફ આ બન્ને સ્થિતિનો લાભ લેવા તૈયાર વૈભવ કપૂર છે.

ઓછી આવકમાં જીવતા દરેલ કપલોએ અ સિરીયલ જોવી જોઈએ જેથી ખબર પડે કે ઓછી આવકને કારણે ઘરમાં પત્ની અને બાળકો ઉપર એની કેવી અસર પડતી હોય છે. તેથી પોતાની આવક વધારવા માટે નવા રસ્તા શોધવા જોઈએ. નહિતર જો પત્ની થોડીયે શિક્ષિત હશે અને નોકરી કરવાનું શરું કરશે તો ભવિષ્યમાં કેવા કેવા સંઘર્ષનો સામનો કરવો પડશે એ અહીંયા જોવા સમજવા મળશે. પતિ પત્ની બન્ને નોકરી કરતા હશે તો એમના બાળકોનો ઉછેર કેવો થશે ? એને કેવા સંસ્કાર મળશે ? આ બધી સમસ્યાઓ ઊભી થવાની પૂરેપુરી સંભાવનાઓ છે.

અહીં સ્વપ્ન અને સિદ્ધાંતનો સંઘર્ષ છે. ઈચ્છા અને ઈમાનદારીનો સંઘર્ષ છે. પ્રેમ અને પૈસાનો, નીતિ - અનીતિનો સંઘર્ષ છે. સાચી જીત તો સત્યની જ થવાની છે. બસ ત્યાં સુધી સીરિયલ જોતા રહો અને ખૂશ રહો.

- 9426060601.india@gmail.com

જુઠ બોલે કૌવા કાટે !

રઝળપાટ
અજય ઉપાધ્યાય

''સાચ્ચે, અલ્યા રિંગ જ નથી આવી. આવી હોય તો તો ઉપાડી ના લઉં તારો કોલ ?''...'' અરે બાપ્પા, ટાઈમ જ કયા મળે છે ? આમ ને આમ આખો દિવસ નીકળી જાય છે''... ' કાલે જ તમારી બાજુ નીકળેલા પણ શું છે કે છોકરાઓ ઘરે એકલા હતા એટલે ના આવ્યા' ... 'ટાઈમે જ નીકળેલો, પણ રસ્તામાં બહુ જ ટ્રાફિક હતો..'.... ' હેલ્લો.. હેલ્લો.. અવાજ નથી આવતો, કવરેજ ગયું લાગે છે..'' સી, આ અને આવા ડાયલોગ હજુ પણ આનાથી વધુ લખાઈ શકે એમ છે પણ આટલું વાંચતાં જ તમને ખ્યાલ આવી ગયો હશે કે લગભગ બધા જ ડાયલોગમાં પહેલી નજરે જ કઈક ખોટું છે એવો વરતારો આવી જાય છે. જી હા સહી પકડે હૈ કે આ બધા જ ડાયલોગમાં ક્યાંક ને ક્યાંક નિર્દોષ ખોટું બોલાઈ રહ્યું છે. જો કે જૂઠ તો આખિર જુઠ હોતા હૈ ના.. એમાં કાઇ નિર્દોષ કે સદોષ જેવુ નથી હોતું અને ઘણા જુઠ સકારણ હોય છે પણ મોટેભાગે આપણે ઘણા જુઠ કોઈ જ કારણ વગર પણ બોલી દેતા હોઈએ છીએ. શોલે ના ડાયલોગ ની જેમ ' અબ પાર્ટનર બોલ દિયા તો બોલ દીયા ' એમ કરીને ખોટું બોલી નાખવામાં આપણે કયા સિક્કો ઉછળવા જઈએ છીએ હે..???/

હકીકત એ છે કે જુઠ સાંભળવું મને કે તમને કોઈને પસંદ નથી હોતું પણ સાથે સાથે એ પણ હકીકત છે કે જુઠ બોલવું પાછું મને ને તમને પસંદ હોય છે..!!!!! ઘણા મજબૂરીમાં ને ઘણા દબાવમાં આવીને જુઠું બોલતા હોય છે પણ ઘણા તો આ કળામાં એવા ઉસ્તાદ હોય કે તમને એનું જુઠ પણ સોળ આના સાચું જ લાગે અને ખૂબીની વાત એ હોય કે ભયંકર જુઠું બોલતી વખતે પણ એમના ચહેરા પર કે કપાળ પર એકેય વળ ના પડે બોલો..!!! મશહૂર મનોવૈજ્ઞાનિક બ્રુનોએ તો સંશોધનને અંતે કહ્યું છે કે જુઠ બોલવું એ ઈન્સાનિ ફીદરત-સ્વભાવ છે અને એ ચાલવા-બોલવા જેટલી જ સાહજિક ક્રિયા છે. એણે તો ત્યાં સુધી નોંધ્યું છે કે એક બાળક ૨-૩ વર્ષનું થાય ત્યાં જ જુઠ બોલતા શીખી જાય છે અને સંશોધન એમ કહે છે કે ૧૩-૧૭ વર્ષ વચ્ચે જુઠ બોલવાની આ આદત ચરમસીમા પર હોય છે. જો કે સાવ એવું નથી કેમકે વાંદરો ઘરડો થાય પણ ગુલાંટ ના ભૂલે એમ ઈન્સાન મરે ત્યાં સુધી જુઠ બોલતો જ રહે છે. બેજીકલી ઈન્સાન જન્મવાની સાથે જુઠ બોલવાનું શીખીને નથી આવતો પણ સમાજ - સંગત અને સ્થિતિ મુજબ એ જુઠું બોલવાનું શીખી લે છે. બાળક ઘોડીયામાં હોય અને સૂતું ના હોય તો આપણે કહીએ છીએ ને કે ' સૂઈ જ નહિતર હમણાં વાઘ આવશે ' પેલું બાળક મોટું થઈને વિચારે કે વાઘ તો ક્યારેય આવ્યો નહીં.. બસ જુઠું શીખવાની શરૂઆત જ અહીથી થઈ જાય છે...! જો કે વૈજ્ઞાનિકો તો એમ પણ કહે છે કે કોઈ બાળક જુઠું બોલવાનું શરૂ કરી દે એમ તમને લાગે તો સમજજો કે એનો દિમાગી વિકાસ થઈ રહ્યો છે. લો કર લો બાત..!

આમ તો શું છે કે એક કહેવત છે કે ' જુઠને વારંવાર બોલો એટલે એ સત્ય થઈ જાય ' એમાં આ ટેકનોક્રેઝી જમાના મુજબ એક ઉમેરો પણ છે કે ' જુઠને જેટલું જોરથી બોલો એટલું જલદી એ સત્ય થઈ જાય ' અને સોશિયલ મીડિયાના જમાનામાં આ બીજી કહેવતની મને ને તમને બહુ સારી ખબર છે કેમકે રોજ ઊઠીને હજારો લાખો ફેક ન્યૂઝ કે ફેક ખબરો ફરવા માંડે છે અને ઘણીબધી આવી ફેક બોલે તો જુઠ્ઠી ખબરો લોકો સાચી માની જ લે છે. સૌથી વધુ જુઠ આજકાલ અહિયાં જ ફેલાય છે એ હકીકત છે અને ખૂબીની વાત એ છે કે ઘણાબધા ન્યૂઝ પહેલી નજરે જ ફેક લાગતાં હોવા છતાં પણ આપણે ફોરવર્ડ કરતાં રહીએ છીએ અને એટલે જ આવા ન્યૂઝ જુઠ ઉપર જૂઠનો સરવાળો થતાં થતાં સાચા લાગવા માંડે છે. સોશિયલ મીડિયાના જનમ પહેલા છેક ૧૯૪૦માં થયેલા એક સંશોધનમાં એવું સાબિત થયેલું કે કોઈ અફવા જેટલી વધુ વાર